# પંચમહાલ જિલ્લાના સાર્વજનિક ગ્રંથાલયોનો વિકાસ અને આયોજન

ડૉ. સેવજીભાઈ બી. રાઠવા
લાયબ્રેરીયન
ચૌધરી કૉલેજ ઓફ્ એજ્યુકેશન, સેક્ટર-૭, ગાંધીનગર.

**સારાંશ**

*ગુજરાત રાજ્યમાં પંચમહાલ જિલ્લો આદિજાતિ વિસ્તાર ગણાય છે. આ જિલ્લામાં મહદઅંશે આદિજાતિ પછાત જ્ઞાતિના પ્રજાજનો વસે છે, ત્યારે ઐતિહાસિક દૃષ્ટિને ધ્યાને રાખીએ તો જુની પ્રણાલિકાગત રહેણી કરણી અને રીત રીવાજો મુજબ અક્ષર જ્ઞાનનું પ્રમાણ પણ ઓછું છે. ત્યારે આ આદિજાતિ પછાત વિસ્તારના એવા પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ ગોધરા, કાલોલ, હાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા, મોરવા હડપ અને શહેરા તાલુકાઓનો સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લામાં કુલ ૭ તાલુકાઓમાં કુલ ૨૭૯ સાર્વજનિક ગ્રંથાલયો કાર્યરત છે, જે ખુબજ નહીવત માત્રમાં છે. જેની સામે અન્ય જિલ્લાઓમાં સાર્વજનિક ગ્રંથાલયો પ્રમાણમાં વધુ કાર્યરત છે, ત્યારે પંચમહાલ જિલ્લામાં આદિજાતિ પછાત જાતિના પ્રજાજનોને સાક્ષરતાનું પ્રમાણ વધે અને પ્રજાજનો જાગૃત બને તે જરૂરી હોઈ અને એ માટેનું ઉમદા માધ્યમ સાર્વજનિક ગ્રંથાલયો હોઈ આ જિલ્લામાં આગામી સમય ગાળામાં સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિનો વિકાસ થાય તે ખુબજ જરૂરી છે.*

---

**ચાવીરૂપ શબ્દો :** સાર્વજનિક ગ્રંથાલય, પંચમહાલ જિલ્લો

---

## ૧. પ્રસ્તાવના

સાર્વજનિક ગ્રંથાલય એટલે લોકોનું, લોકો વડે અને લોકો માટેનું ગ્રંથાલય છે. ગુજરાતની સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસમાં સરકારી અનુદાનોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. તેમાંય ખાસ કરીને સાર્વજનિક ગ્રંથાલયોના નિભાવ માટે સરકારી અનુદાન અપાય છે. ગુજરાતમાં જાહેર ગ્રંથાલય પ્રવૃતિના વિકાસ અને સાર્વજનિક ગ્રંથાલયોના વહીવટ તેમજ સંચાલન માટે રાજ્ય સરકારે ઈ.સ.૧૯૮૩થી સ્વતંત્ર ગ્રંથાલય ખાતાની રચના કરી છે, જે સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સીધા નિયંત્રણ હેઠળ કામગીરી બજાવેછે.

## ૨. સાર્વજનિક ગ્રંથાલયની વ્યાખ્યા

**યુનેસ્કો (UNESCO)** અનુસાર, 'સાર્વજનિક ગ્રંથાલય એ છે જે સમાજ કે કોઈ ક્ષેત્રના લોકોને નિ:શુલ્ક કે ઉચિત શુલ્ક પર સેવા પ્રદાન કરે છે. તે સામાન્ય જનતા કે વિશિષ્ટ શ્રેણીના વ્યક્તિઓ જેવા કે બાળકો, સેનાના સદસ્યો, રુગ્ણાલયના રોગીઓ, જેલના કેદીઓ, કારખાનાના મજદૂરો વગેરેને પણ સેવાઓ પ્રદાન કરતું હોય,

### ૩. સાર્વજનિક ગ્રંથાલયોની સામાજિક ભૂમિકા

આધુનિક સમયમાં માનવીની પ્રત્યેક ક્રિયા - પ્રક્રિયાઓને કોઈને કોઈ સંસ્થાના માધ્યમથી જ વ્યવસ્થિત કરવામાં આવે છે. ગ્રંથાલય પણ એ સામાજિક સંસ્થા છે. માનવ સમાજનું પ્રત્યેક મુખ્ય કાર્ય પછી ભલેને તે આર્થિક ઉપાર્જન સંબંધી હોય, દેખરેખ સંબંધી હોય અથવા શિક્ષણ, સંશોધન, વ્યપાર કે ઔદ્યોગિક હોય આ તમામ કોઈને કોઈ સંસ્થા દ્વારા સંપન્ન કરવામાં આવતા હોય છે. ગ્રંથાલય એવા પ્રકારની સંસ્થા છે કે જ્યાં માહિતી તથા જ્ઞાનનું સંકલન, સંગ્રહણ, પ્રક્રિયાકરણ, વ્યવસ્થાપન તથા વિતરણ વગેરે કરવામાં આવતું હોય છે. માહિતી અને જ્ઞાન માનવ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અધિક મહત્વપૂર્ણ અને મૂલ્યવાન હોય છે. જે ફક્ત ગ્રંથાલયોમાં જ વ્યવસ્થિત રીતે સંગ્રહિત કરવામાં આવેલ હોય છે. આથી ગ્રંથાલય જન સમાજની સાધારણ વ્યક્તિઓને ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં, સંશોધન તથા વિકાસના ક્ષેત્રમાં, સાંસ્કૃતિક ગતિવિધિઓમાં, આધ્યાત્મિક અને ભાવાત્મક પ્રક્રિયાઓમાં, મનોરંજન અને આનંદ પ્રમોદની ક્રિયા-પ્રક્રિયાઓમાં પોતાની એક મહત્વપૂર્ણ ભૂમિકા નિર્વાહન કરે છે.

### ૪. પંચમહાલ જિલ્લાના સાર્વજનિક ગ્રંથાલયો : વિકાસલક્ષી આયોજન

પંચમહાલ જિલ્લાનું નામ પંચમહાલ પડયું, તેના મૂળમાં પાંચ મહાલ - ગોધરા, હાલોલ, કાલોલ, દાહોદ અને ઝાલોદનો સમાવેશ થતો હતો. મહાલ એટલે તાલુકા જેવું નાનું પરગણુ. પંચમહાલ એટલે પાંચ મહાલનો પ્રદેશ. પંચમહાલ જિલ્લાની ઐતિહાસિક, શૈક્ષણિક, અને ગ્રંથાલયના પરિપ્રેક્ષમાં અને આ જિલ્લાના સાર્વજનિક ગ્રંથાલયોને ધ્યાને રાખીને પંચમહાલ જિલ્લાના સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસલક્ષી આયોજન વિશે વિચારવું જ રહ્યું.

પંચમહાલ જિલ્લો એ આદિજાતિ વિસ્તાર ગણાય છે. આ જિલ્લામાં આદિજાતિ પછાત જ્ઞાતિના પ્રજાજનો વસે છે, ત્યારે આ આદિજાતિ પછાત વિસ્તારના એવા પંચમહાલ જિલ્લામાં હાલમાં સમાવિષ્ટ પામેલ ગોધરા, કાલોલ, હાલોલ, ઘોઘંબા, જાબુંઘોડા, મોરવા હડપ અને શહેરા તાલુકાઓનો સમાવેશ થાય છે. આ પંચમહાલ જિલ્લામાં કુલ ૭ તાલુકાઓમાં કુલ ૨૭૯ સાર્વજનિક ગ્રંથાલયો કાર્યરત છે, જે ખુબજ નહીવત માત્રમાં છે. જેની સામે અન્ય જિલ્લાઓમાં સાર્વજનિક ગ્રંથાલયો વધુ પ્રમાણમાં કાર્યરત છે, ત્યારે પંચમહાલ જિલ્લામાં આદિજાતિ પછાત જાતિના પ્રજાજનોને સાક્ષરતાનું પ્રમાણ વધે અને પ્રજાજનો જાગૃત બને તે જરૂરી હોઈ અને એ માટેનું ઉમદા માધ્યમ સાર્વજનિક ગ્રંથાલયો હોઈ આ જિલ્લામાં આગામી સમય ગાળામાં સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસ અને આયોજન જરૂરી છે.

પંચમહાલ જિલ્લામાં હાલ માત્ર ૭ તાલુકાઓ પૈકી માત્ર બે જ તાલુકાઓ ગોધરા અને ઘોઘંબા ખાતે પૂર્ણ સરકારી ગ્રંથાલયો છે. જ્યારે મોરવા હડપ ખાતે અંશત: સરકારી ગ્રંથાલય કાર્યરત છે. ત્યારે પંચમહાલ જિલ્લાના બાકીના પાંચેય તાલુકા મથકોએ સરકારી ગ્રંથાલયોની સ્થાપના થાય તે જરૂરી છે. આ ઉપરાંત રાજ્યના અન્ય જિલ્લાઓમાં મુખ્ય મથક ખાતે ફરતા પુસ્તકાલયોની સેવા કાર્યરત છે, ત્યારે પંચમહાલ જિલ્લાના અંતરીયાળ ગામો સુધી પણ ફરતા પુસ્તકાલયના માધ્યમથી વિનામુલ્યે ગ્રંથાલય સેવા પ્રજાજનોને મળી રહે તે માટે ફરતા પુસ્તકાલયની સેવા શરૂ થવી જરૂરી છે.

પંચમહાલ જિલ્લાના ૭ તાલુકાઓ પૈકી કુલ ૧૮૨ જેટલા અનુદાનીત ગ્રંથાલયો કાર્યરત છે. રાજ્ય સરકારશ્રીના ગ્રંથાલય ખાતાના અનુદાનથી ગ્રંથાલયોના નિયમોની જોગવાઇ મુંજબ આ ૭ જિલ્લામાં શહેરી વિસ્તારથી ગ્રામીણ વિસ્તાર સુધી અનુદાનિત ગ્રંથાલયો શરૂ થવાનું આયોજન પણ આગામી વર્ષોમાં થાય તે જરૂરી છે.

પંચમહાલ જિલ્લામાં ઘણા સાર્વજનિક ગ્રંથાલયો નિષ્ક્રિય અને બંધ હાલતમાં છે, આ ગ્રંથાલયોને સક્રિય કરીને પ્રજાજનોને સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ ઉપલબ્ધ બને તે માટેનું અસરકારક અમલીકરણ આગામી વર્ષોમાં હાથ ધરાય તે ખુબજ જરૂરી છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસલક્ષી અને સમૃદ્ધ બનાવવા માટેની અનેકવિધ યોજનાઓ કાર્યરત છે. પંચમહાલ જિલ્લામાં કાર્યરત સાર્વજનિક ગ્રંથાલયોને આ તમામ યોજનાઓનો લાભ મળે અને તમામ સાર્વજનિક ગ્રંથાલયો શિષ્ટ સાહિત્યથી સમૃદ્ધ બને ઉપરાંત અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ બને તે માટે પણ આગામી વર્ષોમાં આયોજન થાય તે જરૂરી છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે અનુદાનીત ગ્રંથાલયોને મોતીભાઇ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા એવોર્ડ આપવામાં આવે છે. પંચમહાલ જિલ્લાનું કાલોલ ખાતેનું એકમાત્ર ગ્રંથાલય **"શ્રી મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય"** વર્ષ–૨૦૧૩ માં આ સન્માન મેળવેલ છે. જે પંચમહાલ જિલ્લાનું ગૌરવ છે, તેજ રીતે આ જિલ્લાના અન્ય સાર્વજનિક ગ્રંથાલયોને પણ આ સન્માન પ્રાપ્ત થાય તે માટેનું આયોજન થાય તે પણ આગામી વર્ષો માટે જરૂરી છે.

પંચમહાલ જિલ્લો એ આદિજાતી પછાત વિસ્તાર છે, જયાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઓછું છે ત્યાં સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃતિનો પ્રચાર-પ્રસાર ખુબજ ઓછો છે, ત્યારે પ્રજાજનોને સાર્વજનિક ગ્રંથાલયોનું મુલ્ય સમજાવવા, લોકજાગૃતિ કેળવવી પણ ખુબજ જરૂરી છે. સબંધિત જિલ્લા ગ્રંથાલયો, તાલુકા ગ્રંથાલયો, માન્ય સંસ્થાઓ લોકભાગીદારીથી સમયાન્તરે જિલ્લા અને તાલુકા તથા ગ્રામિણ ક્ષેત્રે સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસને ધ્યાને રાખીને પરિસંવાદો, સેમિનારોનુ આયોજન થાય તે જરૂરી છે.

પંચમહાલ જિલ્લામાં કુલ ૨૯૬ જેટલા ગ્રામ ગ્રંથાલયો છે. ત્યારે આ જિલ્લાની તમામ પ્રથમ પ્રાથમિક શાળાઓમાં સબંધિત શિક્ષણ વિભાગ સાથે પરામર્શ કરીને શાળાઓમાં ગ્રંથાલયો શરૂ થાય તેવું આયોજન આગામી વર્ષોમાં થાય તો પંચમહાલ જિલ્લાના તમામ ગ્રામીણ વિસ્તારો સુધી સાર્વજનિક ગ્રંથાલયોની શરૂઆત થઇ શકે જેનો લાભ પ્રજાજનોને મળી શકશે અને વર્ષ ૨૦૧૦ પછીથી આવા કોઇ નવા સાર્વજનિક ગ્રામ ગ્રંથાલયો શરૂ થયેલ નથી તેવું જણાય છે, તો નવા સાર્વજનિક ગ્રંથાલયો શરૂ થાય તેવું આયોજન આગામી વર્ષોમાં થાય તે જરૂરી છે.

### ૫. નિષ્કર્ષ

આમ આગામી વર્ષોમાં પંચમહાલ જિલ્લામાં તમામ, શહેરી વિસ્તાર ગ્રામીણ વિસ્તાર સુધીના પ્રજાજનોની વિનામુલ્યે શિષ્ટ વાંચન સાહિત્ય ઉપલબ્ધ બને તે માટે સરકારી સાર્વજનિક ગ્રંથાલયો અને અનુદાનીત સાર્વજનિક ગ્રંથાલયો શરૂ થાય તે માટેનું આયોજન કરવામાં આવે તે જરૂરી જણાય છે.

### સંદર્ભ ગ્રંથો

1. ઈન્ટરનેટપંચમહાલવીકીપિડીયા
2. ગુજરાત સરકાર (૨૦૧૭). ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ પંચમહાલ જિલ્લો (ગેઝેટિયર). ગાંધીનગર :વી.પી. પટેલ પ્રકાશક
3. ચારણ, શિવદાનભાઈ મેકરણભાઈ. (૧૯૯૧). ગ્રંથાલય : ઈતિહાસ. અમદાવાદ : ગ્રંથાગાર.
4. ચારણ, શિવદાનભાઈ (૧૯૯૩). ગ્રંથાલય : સામાજિક સંદર્ભ : ગ્રંથાલયની સામાજિક ભૂમિકા. વલ્લભ વિદ્યાનગર : સરદાર પટેલ યુનિવર્સિટી.
5. શાસ્ત્રી એચ. જી. (૧૯૬૪) 'ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ',
6. શાહ, પંડયા અને પટેલ કૃત. સંપા. (૨૦૧૫). ગ્રંથાલયો અને માહિતી સેવાઓના વિકાસની ગતિરેખા પરિસંવાદ પ્રોસીડિંગ્ઝ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૫મો રાષ્ટ્રીય અને ૩૧મો ગ્રંથાલય પરિસંવાદ. ગોસ્વામી પંકજ કે. : ગુજરાત રાજ્યના અનુદાનિત સાર્વજનિક ગ્રંથાલયોના અનુદાનના નિયમોમાં નવીન દ્રષ્ટિકોણની આવશ્યકતા. અમદાવાદ : ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ.
7. શિવપ્રસાદ, રાજગોરઅર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ'. – અમદાવાદ : ભો. જે. વિદ્યાભવન.